**ક્રિમીનલ ઈન્કવાયરી નં. ૨૧/૨૦૨૨**

ફરીયાદી : દિવ્યકાંત વ્રજલાલ જોષી

આરોપી : વાલજીભાઈ છગનભાઈ સોલંકી

---

**<u>આંક – ૧ (ફરીયાદ) લગત હુકમ ::–</u>**

ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ – ૧૩૮ અન્વયે રજુ રાખેલ, જે સબંધે ફરીયાદીનુ વેરીફીકેશન ધ્યાને લઈ સદર કામ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ– ૨૦૨ અન્વયે કોર્ટ ઈન્કવાયરીમાં રાખવાનો હુકમ કરવામાં આવેલ. આજરોજ ફરીયાદીએ ફરીયાદ લગત એક વધુ સોગંદનામુ રજુ કરેલ છે. ફરીયાદ સાથે જરુરી તમામ દસ્તાવેજો સામેલ કરેલ છે. ફરીયાદ સાથેના આ દસ્તાવેજો તથા ફરીયાદીનુ વેરીફીકેશન તથા ફરીયાદીનુ સોગંદનામુ ધ્યાને લેતા આરોપી સામે કાર્યવાહી આગળ ચલાવવા યોગ્ય હોવાનુ જણાતુ હોય, નામદાર સર્વોચ્ચ અદાલતે ઈન્ડીયન બેંક એસોશીયેશન એન્ડ અધર્સ વિ. યુનીયન ઓફ ઈન્ડીયા (Writ petition no- 18/2013) ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લઈ, સદર ફરીયાદ અન્વયે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

૧. આ ઈન્કવાયરીને ફોજદારી ગુન્હા રજીસ્ટરે નોંધી ક્રિમીનલ કેશ નંબર આપવાનો તથા ઈન્કવાયરીનુ કામ ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

૨. ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ ના ગુન્હા સબંધેના મુદત તા. ૨૯/૧૨/૨૦૨૨ ના રોજના પ્રોસેસ આરોપી સામે ઈશ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.

૩. હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સાવરકુંડલા.

તારીખ : ૧૯/૧૧/૨૦૨૨ ડી. જે. પરમાર

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને

એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

જી.જે.૦૧૧૭૧